JAD-1601410101010901 Seat No. ________

# B. J. M. C. (Sem. I) (CBCS) (W.E.F. 2016) Examination

**October - 2019**

## Elements of Translation : Paper - IX

*(Elective Group A)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

૧ નીચેનામાંથી કોઈ **એક** ફકરાનો ગુજરાતી અથવા હિન્દીમાં અનુવાદ કરો : **૧૪**

New Delhi : Actor Mouni Roy had a scary experience on Wednesday when her car was hit by a huge falling rock from the Mumbai Metro construction site in Juhu. The actor, who was on her way to work, expressed her disappointment over the irresponsibility of the Mumbai Metro officials on social media. The 'Gold' actor took to her Twitter handle and complained about the "irresponsibility" of the Munibai nietro officials. In her post, the actor shared that a huge rock fell on her car while she was on her way to work. Mouni also shared a small video of her damaged car. "Any suggestions as to what to be done with such irresponsibility of the Mumbai metro," she wrote in her tweet. The clip features a giant hole in her car's sunroof caused by the huge rock. She even panned up to show the high tower of the Mumabi Metro building from where it might have fallen. Mouni did not suffer from any injuries. Some concerned fans asked the star about her safety and suggested her to contact the authorities. "Pls contact @MumbaiPolice. You are right. It could have killed someone," wrote one Twitter user. Another fan wrote, "An FIR should be filed against the contractor for danger to public safety."

**અથવા**

New Delhi : West Bengal chief minister Mamta Banerjee met PM Narendra Modi on Wednesday but the NRC process did not figure during their discussion which was mostly on developmental issues. The Trinamool Congress chief, who is opposed to implementation of a National Register of Citizens (NRC) in her state, later said there was no provision of this process of preparing a list of genuine citizens being extended to West Bengal. She also raised the issue of the state's renaming and invited Modi to Bengal. The meeting at the prime minister's residence lasted for about half an hour. Banerjee said the discussion was not political but focused on developmental issues of the state. She met the prime minister for the first time after he won a second term. She did not turn up for Modi's swearing-in ceremony and skipped a meeting of the Niti Aayog. Talking to reporters later, she said, "Haven't spoken about NRC with the PM. "NRC is part of the Assam Accord, hence there is no provision of its implementation all over the country or in West Bengal. Neither there is any proposal, nor will it ever be done in Bengal."

૨ નીચેનામાંથી કોઈ **એક** ફકરાનો અંગ્રેજીમાં અનુવાદ કરો : ૧૪

અમરેલી : ધર્મના નામે આજે વારંવાર તંગદિલી સર્જાય છે, ત્યારે સાવરકુંડલાના એક મુસ્લિમ પરિવારે ધર્મ કરતા માનવતા વધુ મહાન હોવાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ મુસ્લિમ પરિવારે પોતાની સાથે રહેતા હિંદુ મિત્રની હિંદુ વિધિથી અંતિમક્રિયા કરી હતી. સાવરકુંડલાના ભાનુશંકરભાઈ પંડ્યાના પરિવારમાં કોઈ ન હોય તેઓ તેમના મિત્ર ભીખાભાઈ કુરેશી સાથે જ છેલ્લા ૫૦ વર્ષથી રહેતા હતાં. થોડા સમય પહેલા ભીખાભાઈ કુરેશીનું અવસાન થયું હતું. ભીખાભાઈના પુત્રોએ પિતાના પગલે જ ભાનુશંકરભાઈને પિતા તુલ્ય ગણીને સાથે જ રાખ્યા હતાં. મિત્ર ભીખાભાઈના અવસાન બાદ ભાનુશંકરભાઈ પણ બીમાર પડ્યા હતાં. ભીખાભાઈના પુત્રોએ તેમની ઘરના જ સભ્ય હોય તેટલી સેવા કરી. પરંતુ વૃદ્ધાવસ્થાએ પહોંચેલા

ભાનુશંકરભાઈ બીમારી સામે લડી ન શક્યા. થોડા દિવસ પહેલા ભાનુશંકરભાઈનું અવસાન થયું. ભીખાભાઈ કુરેશીના ચારેય પુત્રોએ નક્કી કર્યું કે ભાનુશંકરભાઈની હિંદુ વિધિથી જ અંતિમ વિધિ કરવી. કુરેશી પરિવારે હિંદુ ધર્મના જાણકાર પંડિતને બોલાવ્યા. ભાનુશંકરભાઈના પરિવારમાં કોઈ ન હતું, એટલે કુરેશી પરિવારે જ તમામ અંતિમવિધિ કરી. કુરેશી પરિવારે માનવતાનું અને કોમી એકતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ કિસ્સાને બંને સમાજના અગ્રેસરોએ પણ આવકાર્યો હતો.

**અથવા**

વડોદરા : દેશના વિકાસ માટે ગુજરાતનો વિકાસ અને દેશના કલ્યાણ માટે ગુજરાતનું કલ્યાણ જરૂરી હોવાનું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે અહીં જણાવ્યું હતું. આઝાદી બાદ દેશની અપેક્ષા અને અધૂરા રહેલા કામ કેન્દ્ર સરકાર પૂરા કરવા કટિબદ્ધ હોવાનું તેમણે જણાવ્યું હતું. નર્મદા નીરના પૂજન બાદ કેવડિયા ખાતે જાહેરસભાને સંબોધતા તેમણે કહ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં ૧૮ ગણી ખેત જમીનને સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવી છે. વડાપ્રધાન પોતાના જન્મદિને ગુજરાત આવ્યા હતા. તેમણે સ્ટેચ્યૂ ઓફ યુનિટી તેમજ આસપાસના સ્થળોની મુલાકાત પણ લીધી હતી. માઈક્રોઈરિગેશનનો લાભ રાજ્યના ૧૨ લાખ ખેડૂતોને મળી રહ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું. ગુજરાતમાં જળસંગ્રહ માટે થયેલું કામ અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ બન્યું છે. સરદાર પટેલે જે સ્વપ્ન જોયું હતું તે વર્ષો પછી પૂર્ણ થયું છે. સરદાર સરોવર યોજનાથી માત્ર ગુજરાત જ નહિ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રને પણ લાભ થયો છે. પર્યાવરણના રક્ષણ સાથે પણ વિકાસ થઈ શકે તેનું ઉદાહરણ કેવડિયામાં જોવા મળે છે. પ્રારંભમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સભાને સંબોધન કર્યું હતું. સરદાર સરોવર યોજનાની સફળતાનો સંપૂર્ણ યશ તેમણે વડાપ્રધાનને આપ્યો હતો. વડાપ્રધાનને સાંભળવા મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતાં.

૩ અનુવાદ એટલે શું ? અનુવાદની વિવિધ વ્યાખ્યા આપી અનુવાદનો અર્થ સમજાવો. **૧૪**

**અથવા**

૩ અનુવાદના વિવિધ પ્રકારોની છણાવટ કરો. ૧૪

૪ (અ) અનુવાદના નિયમો સમજાવો. ૭

**અથવા**

૪ (અ) અનુવાદનો ઈતિહાસ વર્ણવો. ૭

૪ (બ) અનુવાદનું મહત્ત્વ સમજાવો. ૭

**અથવા**

૪ (બ) અનુવાદ કરવાની પ્રક્રિયા સમજાવો. ૭

૫ ટૂંકનોંધ લખો : (કોઈ પણ **બે**) ૧૪

(૧) સારા અનુવાદકની લાયકાતો

(૨) વિચાર વિસ્તરણ તરીકે અનુવાદ

(૩) અનુવાદ અને પત્રકારત્વ

(૪) અનુવાદનું કલા અને વિજ્ઞાન તરીકે મૂલ્યાંકન.